# મિત્રોને એક પત્ર...

પ્રિય મિત્ર,

એકવીસ દિવસનો એકાંતવાસ આપ સર્વેને ફળે એવી શુભકામનાઓ.

આ ઘરવાસ મનવાસ બને.

કુદરત જ્યારે એક દરવાજો બંધ કરે ત્યારે અચૂક બીજો દરવાજો ખોલે જ છે. આ સનાતન પરંપરા છે. બહાર જવાનો દરવાજો બંધ થયો કે હવે અંદર જવાનો દરવાજો ખુલશે.

કોઈ આને ૨૧ દિવસની વિપશ્યના શિબિર પણ કહી શકે.

આપણે બહાર ખૂબ દોડ્યા, અહીંથી ત્યાં અને ત્યાંથી બીજે ક્યાંય.... પૈસા, પ્રતિષ્ઠા, લોકપ્રિયતા માટે સતત દોડતા જ રહ્યા. કુદરતે જોયું કે મારાં સંતાનોને બિચારાંઓને ખૂબ દોડવું પડે છે. દોડી દોડીને એ થાકી ગયાં છે, લાવ તેમના માટે થોડા દિવસના વિસામાની સગવડ કરું જેથી તે થોડો પોરો ખાય.

માત્ર થાક ખાવાનો જ નહીં, આ તો આપણને સતત કેમ અનેક પ્રકારનો થાક લાગી જાય છે તેનું મનોમંથન કરવાનો પણ રૂડો અવસર છે.

જે વ્યક્તિ અંદરનો પ્રવાસ કરતી નથી એની બહારની સફર પરિણામલક્ષી હોય, પણ ફળદાયી ના હોય.

મોટા મોટા નેતાઓ જ્યારે જેલમાં જતા ત્યારે પોતાની જાતમાં પ્રવાસ કરતા. જાતને ઓળખતા-તપાસતા-તરાસતા અને શુદ્ધ કરતા.

વિનોબા ભાવેએ ધૂળિયા જેલમાં આપેલાં ગીતા પ્રવચનો લાખો લોકો આજે પણ હોંશે હોંશે વાંચે છે.

ગાંધીજીએ જેલના નિવાસ દરમિયાન અનેક સુંદર લેખો લખ્યા હતા. તેઓ યરવડા જેલમાં હતા ત્યારે તેમણે સાબરમતી આશ્રમના બાળકોને જે પત્રો લખ્યા હતા તેનું સંપાદન અમૃત મોદીએ કર્યું છે અને પ્રકાશન ભારત સરકારના ટપાલ વિભાગે કર્યું છે. અત્યંત સુંદર પુસ્તક છે.

વીર સાવરકરને આંદોબાન નીકોબારમાં કાળા પાણીની સજા થઈ હતી અને વર્ષો સુધી તેઓ એક નાનકડી કોટડીમાં રહ્યા હતા.

મહર્ષિ અરવિંદ પોંડિચરીમાં એક જ રુમમાં ચાલીસ વર્ષ રહ્યા હતા.

નેલ્સન મંડેલાએ ૨૧ વર્ષ કારાવાસ ભોગવ્યો હતો.

આવાં તો અનેક ઉદાહરણો આપણને જાણવા મળશે. જેલવાસ દરમિયાન આ મહાન લોકોએ અંદરનો પ્રવાસ કર્યો છે.

એકાંતવાસનો સૌથી મોટો આ જ ફાયદો હોય છે: બહારના રસ્તા બંધ હોય છે, પણ અંદરના રસ્તા ચાલું હોય છે.

બીજી એક વાતઃ આપણને બહારની એટલી બધી ટેવ પડી ગઈ છે કે ઘરમાં રહેવામાં કીડીઓ ચડે છે. ઘર સાથે હવે 'ઘર જેવો સંબંધ' રહ્યો નથી. બહારના છેડા એટલા વધી ગયા છે કે હવે ધરતીનો છેડો ઘર કહેવત માંદી પડી છે.

મિત્રો, આ ત્રીજું વિશ્વ યુદ્ધ જ છે. આપણે તેનો સામનો સર્વશ્રેષ્ઠ રીતે કરીએ.

કોરોના વાયરસ આપણને કાનમાં કહેવા આવ્યું છે કે સાનમાં સમજી જાઓ અને ભાનમાં આવો.

આપણે એટલી બધી ગતિ વધારી દીધી કે કુદરતને થયું કે થોડોક વિરામ આપીને માણસજાતને ચેતવું કે ધીમા પડો ભાઈ ધીમા પડો. માપમાં રહો. ગેર ઉપર ગેર બદલતા ના જાઓ.

કોરોના વયરસને માત્ર નેગેટિવ રીતે ના લેતાં, પોઝિટિવલી પણ લઈએ.

તેમાંથી બોધપાઠ લઈએ.

હવે એવું સરસ જીવન જીવીએ કે કુદરત પણ રાજી થાય. જુઓ આપણે બધા થંભી ગયા એટલે હવા શુદ્ધ થઈ, પર્યાવરણ સુધર્યું અને પંખીઓના ટહુકા વધ્યા.

કોરાનાની આ કમાલ છે. તેણે પક્ષીઓને ગાતાં કરે. જે ટહુકાઓને આપણે દાબી દીધા હતા તેને કોરાનાએ ખુલ્લા કર્યા.

આપણે પ્રકૃતિને તાળાં માર-માર કરીએ તો તે પણ લોકડાઉન કરાવે જ ને ? સો દાડા વહુના તો એક દાડો સાસુનો...

પ્રિય સહૃદયો.. આ નવી અને અણધારી ઘડીને આવકારીએ. તેનો શ્રેષ્ઠ ઉપયોગ કરી લઈએ.

પત્રના અંતમાં એટલું જ લખીશ કે આપણે કોરોનાની આ મહામારીમાંથી ચોક્કસ બચી જઈશું. મને પાકી શ્રદ્ધા છે. થોડુંક નુકશાન તો થવાનું જ છે, પણ મોટી આપત્તિ નહીં આવે. આવા કપરા દિવસોમાં વડાપ્રધાન તરીકે નરેન્દ્ર મોદી છે તે પણ એક મોટું આશ્વાસન છે. આ એવો માણસ છે જેની શક્તિઓ આપત્તિમાં મહત્તમ ખીલે છે. એ દેશને સાચવી લેશે. જે રીતે કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારો યુદ્ધના ધોરણે કામ કરી રહી છે તે અભિનંદનને પાત્ર છે.

ત્યાં અમારી જેમ જ હવામાન ચોખ્ખું હશે, ઘરના સભ્યો સાથેની નીકટતા પ્રેમ ભરી બની હશે. સ્પર્શ કર્યા વિના પણ પ્રેમને બળૂકી રીતે વ્યક્ત કરી શકાય છે તેવો અનુભવ વારંવાર થતો હશે.

ઘરનો ઝરુખો વધારે વહાલો લાગતો હશે..

તમારામાં આવેલું ખુલ્લાપણું જોઈને ઘરની બારીઓ રાજી થતી હશે.

કુશળ રહેજો.

રમેશ તન્નાની દરેકનો કોરોના વાયરસ ટેસ્ટ નેગેટિવ આવે તેવી શુભકામના.

૨૮મી માર્ચ, ૨૦૨૦

# ટાળો !

**હળવાનું ટાળો; મળવાનું ટાળો,**
**અફવાઓથી, ડરવાનું ટાળો !**
**કોરોનાએ દોટ મૂકી છે સૃષ્ટિમાં,**
**ભીડ-ભાડમાં ભળવાનું ટાળો !**
**'નમસ્તે' મુદ્રા યાદ આવે છે હવે,**
**હસ્તધૂનન કરવાનું ટાળો !**
**અતિ જરૂરી જણાય નહિ, તો**
**રૂબરૂમાં મળવાનું ટાળો !**
**લડવું હોય તો કોરોનાથી લડો,**
**સગા-સ્નેહીથી લડવાનું ટાળો !**
**સાવચેતીના લઈને પગલાં,**
**'શરમાળ' વિવાદે પડવાનું ટાળો !**

● જગદીશ ગોર 'શરમાળ'

# રાજ્યમાં આજે છ નવા કેસ પોઝીટીવ કુલ ૫૩ કેસ પોઝીટીવ નોંધાયા

ગાંધીનગર, તા. ૨૮

આરોગ્ય વિભાગના અગ્રસચિવ ડૉ. જયંતિ રવિએ જણાવ્યું છે કે, નોવેલ કોરોના વાયરસના આજે નવા ૬ કેસ પોઝીટીવ થયા છે. આમ રાજ્યમાં કુલ ૫૩ કેસ પોઝીટીવ નોંધાયા છે.

- **પ્રોટ્રોકોલ મુજબ બે વાર ટેસ્ટીંગ કર્યા પછી ૩ કેસ નેગેટીવ રીપોર્ટથી રાહતના સમાચારઃ ચૌદ દિવસનો કોરેન્ટાઈન સમયગાળો પાળવો પડશે**
- **રાજ્યમાં અત્યાર સુધીમાં ૯૯૩ સેમ્પલનું ટેસ્ટિંગઃ ૯૩૮ સેમ્પલ નેગેટીવ આવ્યા**
- **આરોગ્યકર્મીઓ દ્વારા રાજ્યભરમાં ૪ કરોડથી વધુ નાગરિકોનું સર્વેલન્સ-ટ્રેકિંગ પૂર્ણ**
- **રાજ્યમાં પર્યાપ્ત માત્રામાં દવા-સાધનોનો જથ્થો ઉપલબ્ધ**
- **પર્સનલ પ્રોટેક્ટિવલ ઈક્વીપમેન્ટ્સ, માસ્કનો જથ્થો આજે દિલ્લીથી ગુજરાત આવશે**

ડૉ. રવિએ વિગતવાર માહિતી આપતાં જણાવ્યું હતું કે, રાજ્યમાં જે નવા છ કેસ પોઝીટીવ થયા છે તેમાં ૬૬ વર્ષના એક વડોદરાના પુરૂષ છે જે યુ.કેની ટ્રાવેલ હિસ્ટ્રી ધરાવે છે. ગાંધીનગરના ૮૧ વર્ષના એક પુરૂષ અને મહેસાણાના ૫૨ વર્ષના એક પુરૂષનો કેસ છે જે લોકલ ટ્રાન્સમિશનના લીધે છે. એજ રીતે અમદાવાદમાં ૭૦ વર્ષનાં એક પુરૂષનો કેસ છે જે આંતરરાજ્ય ટ્રાવેલ હિસ્ટ્રી ધરાવે છે. અમદાવાદમાં જ એક ૪૫ વર્ષના બહેન અને એક ૩૩ વર્ષના બહેનનો કેસ પણ લોકલ ટ્રાન્સમિશનના પરિણામે નોંધાયો છે. આ સાથે રાજ્યમાં કુલ ૫૩ કેસ પોઝીટીવ થયા છે, જેમાં અમદાવાદમાં ૧૮, સુરતમાં ૦૭, રાજકોટમાં ૦૮, વડોદરામાં ૦૯, ગાંધીનગરમાં ૦૮, ભાવનગરમાં ૦૧ અને મહેસાણામાં ૦૧ કેસનો સમાવેશ થાય છે.

ડો. રવિએ ઉમેર્યું કે, રાજ્યમાં જે ૫૩ કેસ છે જે પૈકી ૧૪ દિવસના કોરોન્ટાઈનમાં રહેલા દર્દીઓના ટેસ્ટિંગ પ્રોટ્રોકોલ મુજબ બે વાર કરવામાં આવ્યા છે તેમાંના ત્રણ કેસના સેમ્પલના રિપોર્ટ નેગેટીવ આવ્યા છે, જે સારા અને રાહતના સમાચાર છે. સૌ નાગરિકોએ ગભરાવવાની જરૂર નથી. જે લોકડાઉનનો સમયગાળો નિયત કરાયો છે તેનું સંપૂર્ણપણે આપણે પાલન કરવાનું છે. આપણે સૌએ સોશ્યલ ડિસ્ટન્સ એટલે કે સામાજિક અંતર જાળવવું અનિવાર્ય છે. આપણા ઘરમાં પણ વડીલો-વયસ્ક હોય તો તેની સંપૂર્ણ કાળજી રાખીને તેમની સાથે પણ સોશ્યલ ડિસ્ટન્સ રાખી લોકડાઉન પાળીએ. અનિવાર્ય સંજોગો સિવાય બહાર ન જઈએ એ અત્યંત જરૂરી છે.

ડૉ. રવિએ ઉમેર્યું હતું કે, ICMR કે જે સર્વોચ્ચ રેગ્યુલેટરી ઓથોરિટી છે જેના પ્રોટ્રોકોલ મુજબ જ કોરોનાના ટેસ્ટ થાય છે. જે મુજબ રાજ્યમાં અત્યાર સુધીમાં ૯૯૩ સેમ્પલનું ટેસ્ટિંગ કરાયું છે, જે પૈકી ૯૩૮ સેમ્પલ નેગેટીવ આવ્યા છે, માત્ર ૫૩ કેસ પોઝીટીવ છે તેમજ બે રીપોર્ટમાં કન્ફર્મેટરી ટેસ્ટ ચાલી રહ્યા છે. તેમણે ઉમેર્યું કે, રાજ્યમાં ૨૦,૧૦૩ નાગરિકોને હોમ કોરોન્ટાઈનમાં રખાયા હતા તેમાં ઘટાડો થયો છે અને હવે ૧૯,૩૪૦ લોકોને જ હોમ કોરોન્ટાઈન હેઠળ છે જ્યારે સરકારી કોરોન્ટાઈનમાં ૬૫૭ લોકોને રખાયા છે.

તેમણે ઉમેર્યુંકે, રાજ્યમાં કોરોનાનું સંક્રમણ અટકે એ માટે આરોગ્ય સેનાનીઓ દ્વારા હોમ ટુ હોમ અને ટેલિફોનિક સર્વેલન્સ-ટ્રેકિંગ કરવામાં આવી રહ્યું છે જે સંદર્ભે ૪ કરોડથી વધુ નાગરિકોને આવરી લેવાયા છે અને જેમાં તાવ, ઉધરસ કે અન્ય લક્ષણો જણાય તો સામેથી કોન્ટેક કરીને તેમને સારવાર પૂરી પાડવામાં આવી રહી છે.

રાજ્યના ચાર મહાનગરોમાં કોવીડ-૧૯ની સ્પેશ્યલ હોસ્પિટલો કાર્યરત થઈ ગઈ છે તેમ જણાવી ડૉ. જયંતિ રવિએ ઉમેર્યું છે કે, આ ચારેય હોસ્પિટલમાં આઈશોલેશન વોર્ડ સહિત તમામ તૈયારીઓ પૂર્ણ થઈ ગઈ છે. હાલ સરકારીમાં ૬૬૦ અને ખાનગીમાં ૧૭૩૯ એમ કુલ મળી કુલ ૨૩૯૯ વેન્ટીલેટર્સ પણ ઉપલબ્ધ છે.

તેમણે ઉમેર્યું કે, નાગરિકોએ આરોગ્યલક્ષી કે તબીબી સેવાઓની જરૂર હોય તો ૧૦૪ હેલ્પલાઈન તથા મેડિકલ સિવાયની અન્ય ઈમરજન્સી માટે સ્ટેટ કંટ્રોલના ૧૦૭૦ નંબર પર તથા જિલ્લા કક્ષાએ ૧૦૭૭ નંબર પર સંપર્ક કરવાનો છે. એ જ રીતે કોવિડ ૧૯ સંદર્ભે નાગરિકોને જે પણ પ્રશ્નો હોય તો તેમણે askexpertcovid19@gujarat.gov.in અને askdocfrocovid.gujarat@gmail.com પર ઈ-મેઈલ કરવા અનુરોધ છે. આરોગ્ય વિભાગ સાથે જોડાયેલા નિષ્ણાત તબીબો સચોટ અને અધિકૃત જવાબો આપશે.

# 'રામાયણ'નો દબદબો હજુ યથાવત

**સવારે ૯ વાગે હજારો પરિવારો ટીવી સામે ગોઠવાયા : લંકેશ અરવિંદ ત્રિવેદી ભાવવિભોર બન્યા**

મોડાસા, તા. ૨૮

૯૦ ના દાયકામાં રામાયણનો એવો જાદુ હતો કે તેના પ્રસારણના સમયે રસ્તાઓ સૂમસાન થઈ જતા હતા. રસ્તા ખાલી થઈ જતા અને લોકો ઘરોમાં આ ઐતિહાસિક સીરિયલને જોવા માટે એકજૂથ થઈ જતા હતા દેશમાં કોરોના વાયરસના સંક્રમણના વધતા ખતરાની વચ્ચે દૂરદર્શને રામબાણ ચલાવ્યું છે. લોકો સીરિયલમાં રામની ભૂમિકા નિભાવનાર અરૂણ ગોવિલ અને સીતાની ભૂમિકા નિભાવનાર દીપિકા ને ભગવાનની જેમ પૂજતા હતા તો રાવણનું પાત્ર ભજવનાર ભિલોડા નજીક કુકડીયા ગામના અરવિંદ ત્રિવેદીને રાક્ષસી રાજા અને લંકેશની નજરે નિહાળતા હતા ઉંમરની આ સ્થિતિમાં હાલ અરવિંદ ત્રિવેદી મુંબઈમાં વધુમાં વધુ સમય ભક્તિ આરાધનામાં પસાર કરી રહ્યા છે શનિવારે ફરીથી ટેલિવિઝન પર રામાયણ પ્રસારિત થતા રાવણ પણ ટીવી સેટ સામે ગોઠવાઈ રામાયણ નિહાળી હતી




સાબરકાંઠા જીલ્લાના ઈડર તાલુકાના કુકડીયા ગામના અરવિંદ ત્રિવેદીએ રામાનંદ સાગરના રામાયણમાં પહાડ જેવું શરીર અને ગરજતા અવાજવાળા "રાવણ" નું પાત્ર ભજવી સમગ્ર વિશ્વમાં ખુબજ નામના મેળવી હતી હાલ અરવિંદ ત્રિવેદી મુંબઈ સ્થિત નિવૃત જીવન ગાળી રહ્યા છે જિંદગીના અંતિમ પડાવમાં કોરોના વાયરસની ગંભીર સ્થિતિને લઈને ટેલિવિઝન પર રામાયણ પ્રસાર થતા રાવણ ખુદ રામાયણ નિહાળવા મશગુલ અને ભાવવિભોર બન્યા હતા

શનિવારે લોકડાઉનની સ્થિતિમાં રામાયણ સીરિયલ ડીડી નેશનલ પર સવારે ૯ વાગે પ્રસારિત થતા વધુ એકવાર ૯૦ ના દશકા જેવો માહોલ જોવા મળ્યો હતો લોકડાઉનની સ્થિતિમાં ઘરમાં પુરાઈ રહેલા પરિવારજનો ટેલિવિઝન સામે ઐતિહાસિક સિરિયલ રામાયણને નિહાળવા ગોઠવાઈ ગયા હતા રામાયણ સિરિયલ જોવા બાળકોમાં અને મોટેરાંઓમાં અનેરો ઉત્સાહ જોવા મળ્યો હતો અરવલ્લી-સાબરકાંઠા જીલ્લામાં રામાયણ સિરિયલની માહિતી અને પ્રસારણ વિભાગે જાહેરાત કરતા જ સોશિયલ મીડિયામાં સરકારના પગલાંને આવકારતા અનેક મેસેજ વાઈરલ થયા હતા.

## ડાયરેક્ટ ❤ સે

**દરેક સમય યોગ્ય શબ્દ ના મળે તો ફક્ત સ્મિત કરવું...**
**શબ્દો અસ્પષ્ટ હોઈ શકે,**
**સ્મિત ક્યારે નહિ...**

## જન્મદિને વધામણી



**રૂપલ રાજુલ ભટ્ટ**
મો. ૭૯૯૦૭ ૯૮૩૨૭

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.


- સંપાદક

## ઓમ લેન્ડમાર્ક સ્કૂલ ચિલોડા ખાતે

# વતનમાં પરત ફરી રહેલા શ્રમિકો માટે રહેવાની સુવિધા ઊભી કરાઈ














ચિલોડા, તા. ૨૮

સમગ્ર વિશ્વમાં હાહાકાર મચાવનાર કોરોના રોગના સંક્રમણના લીધે સમગ્ર ભારતમાં ૨૧ દિવસના લોકડાઉન અંતર્ગત પોતાના વતનમાં પરત ફરી રહેલા ચાલતા જતા મજૂર વર્ગ માટે 'જન સેવા એજ પ્રભુસેવા' ના આશયથી મોટા ચિલોડા સ્થિત ઓમ લેન્ડમાર્ક સ્કૂલમાં આ નિરાશ્રિત ભાઈઓ, બહેનો, બાળકો અને વૃદ્ધો માટે રહેવા, જમવા, ચા, નાસ્તા, પાણીની અવિરત સગવડ પુરી પાડવામાં આવી છે. જેને ગાંધીનગરના કલેક્ટર અને ડીવાયએસપીએ સ્વયં મુલાકાત લઈ આ ઉમદા કાર્યની સરાહના કરી હતી. અત્રે રોકાયેલા તમામ મજૂર વર્ગ અને તેમના પરિવારના સભ્યોને મેડિકલ સ્ક્રીનીંગ ટેસ્ટની પણ વ્યવસ્થા મેડિકલ ટીમ દ્વારા ઊભી કરવામાં આવી છે. જેમાં સ્કૂલના સ્ટાફ મિત્રો, ટ્રસ્ટીઓની સાથે સમગ્ર જિલ્લા વહીવટીતંત્ર અને પોલીસના જવાનોની સાથે ગાંધીનગર શૈક્ષણિક મહાસંઘના હોદેદારોએ સેવા ફરજ બજાવવા બીડું ઝડપ્યું છે.

# ૨૨ માર્ચની દિનચર્યા...

આ કોરોનાનું નામ આધણ ઘેર-ઘેર ને ઠેર-ઠેર ઓરાય છે ત્યારે.... બાવીસમી તારીખે મેં શું કર્યું ? કહું ત્યારે... સાંભળો...

મારા લગ્ન થયે પાંત્રીસ વર્ષ થયા. આ મારો ઘરવાળો ઉર્ફે પિનાકીન ભટ્ટ, વહેલી સવારે આવતું ન્યૂઝપેપર લઈ કાયમ બેસી જાય, એ બાથરુમમાં ગયા ને આ બંદા બહાર ! રોજ-રોજ મેઈન પાનું એ વાંચે ને પસ્તી મારા ભાગે ? ક્યાં સુધીઆમ ચલાવવાનું ? આ તો ભલું થજો મોદી સાહેબનું, તે મને મોકો મળી ગયો.

બાથરૂમ બહારથી બંધ, ને બંદાના હાથમાં ન્યૂઝપેપર. અંદર રહ્યે એમની બૂમાબૂમ ને બંદાએ પકડી સમાચારોની લૂમ.

'અરે...ઓ, સાંભળે છે?' પતિદેવ ઉર્ફે પિનાકીન ઉવાચ.

'ના, બહેરી થઈ ગઈ છું.'

'પછી ભલે થતી, પણ... શેમ્પુની બોટલ નથી. આપને...'

વેર વાળવાને મળી ગયો બીજો મોકો. આમેય બાપુ બાથરુમમાં બે કલાક કાઢેને તોય ઓઢા પડે, એટલે... એક હાથે શેમ્પુ પકડાવી બે-પાંચ મિનિટમાં બાથરૂમમાં પાણી જતો કોક કરી દીધો બંધ ! (આવો મોકો કયારે મળે ?) આપણા હાથમાં આજે ન્યૂઝપેપર ને વળી ટીવી રીમોંટ પણ, બેવડો આભાર મોદી સાહેબનો માનતી હું વટથી સોફા પર બેસી ગઈ. આમેય ગાંધીનગરમાં રહીને આવું બધું આવડી જ જાય. ખુરશી ખેંચની આ ભમિને હું સાવ કોરી રહી જાઉં એ મને ના પાલવે. જય માં ભવાની.... આજે શેરના માથે સવાશેર થઈને રાજ કરવાના મનસુબા સાથે કંઈક નોખું જ ભૂત સવાર હતું.

'પાણી જતું રહ્યું ?' લાચારી પૂર્વકના અવાજ સાથે.

'ના, મેં બંધ કર્યું છે.' દાદાગીરીના ઉત્તમ નમૂના સાથે.

'યાર! પ્લીઝ, પાણી ચાલુ કરી દે ને... તું બહુ સારી...'

'હું અને સારી ? ના. પણ આજે મારે મારી જાતને સારી પુરવાર કરવી નથી. બોલો... આગળ બીજું કાંઈ ?'

પરંતુ દયા આવીને પાણીનો



કો'ક ખોલ્યો, પણ... એ શરતે કે.... આજે મારે રસોડામાં ઘુસવાનું નથી. તમારે જ બનાવવાનું છે, જે આવડે તે... જેવું આવડે તેવું... મારે જોવું જ નથી રસોડા ભણી....

મારી શરતને માન્ય રાખી નાહી-ધોઈને એ રસોડામાં ગયા. ખબર નથી, મારી સાસુને ખીચડી ઓરતાં જોઈ ગયા હશે કે મારા નણંદ પાસેથી શીખ્યા હશે ? મારી સાથે પાંત્રીસ વરસ રહ્યા તો પણ એ ઠોઠ નિશાળિયો ઉર્ફે પિનાકીન ભટ્ટ ખીચડી રાંધતા થયો નહીં, ને આજે ખીચડી બનાવી. ડુંગળી, બટેટા બધું નાખીને, પણ દાદુએ દાળ મગની લેવાની હતી એના બદલે લીધી અળદની !

મારી જીભ ટેસ્ટી ખાવા ટેવાયેલી તે પ્રથમ કોળિયામાં જ અટકી ગઈ, એમને તો ટેસ્ટ સાથે કયાં હતા લેવા કે દેવાં ? પેટ ભરીને આરોગીને નિરાંતે સૂઈ ગયા... પરંતુ... રસોડામાં બાર લાખ છપ્પન હજાર માણસોનું રસોડું કર્યું હોય ને જે આડું-અવળું પડ્યું હોય તે પરિસ્થિતિ! અલા... આ તો બકરું કાઢતાં ઊંટ જ નહીં, એનાકોન્ડા કે ડ્રેગન ! બાપ રે ! સાંજે પાંચ વાગે થાળીઓના, ઘંટડીઓના શૉર-બકોર સાંભળી હું પણ દોડી આવી ગેલેરીમાં. જનતા કર્ફ્યૂને અભૂતપૂર્વ પ્રતિસાદ સાંપડ્યો. એ સમાચારને એવા પડઘા ચારેકોર જોવા મળ્યા. પરંતુ પાંચ-દસ મિનિટ થાળી ઉપર ચમચો ટીચતી રહી, ને પતિદેવ ઉપર ઊની દાઝ કાઢતી રહી. દસેક મિનિટ બહારની દુનિયામાં ડોકીયું કરીને આ બંદા પાછા ઘરમાં !

બોલો... છે તાકાત કોરોનાની કે... અમારી પાસે ફરકે ? હજીય ખીચડી પ્રકરણે કામ-કાજમાં સપડાયેલી છે, સંકળાયેલી છું, સંધાયેલી છું, બંધાયેલી છું. આપણા મોદીજીએ આવો રૂડો અવસર આપ્યો એ કાંઈ જેવી-તેવી વાત છે ?

કોરોના... કોરોનાનાં ડાકલાં ચારેબાજુ વાગી રહ્યા છે ત્યારે પતિ-પત્નીના સંબંધો આવા લાઈવ રહે... તો વળી વૃદ્ધ શરીર થાય છે મન નહીં, પરણીને આવી ત્યારે હું બાવીસની ને મારા એ પચ્ચીસના... ચાલો, આ કહેર સામે પુનઃ એવાં ને એટલી વયના બની જઈએ. તોફાન મસ્તી કરી લઈએ. ઘરમાં રહી મસ્તી-મજાકના મૂડમાં હરહંમેશ રહીએ. હા, પણ... ખીચડી તો મગની દાળ નાખીને બનાવજો હોં... બાપલા...

**- ગિરા પિનાકીન ભટ્ટ**